અપીલ અરજી નં.૧૬૮/ ૦૮–૦૯ તા. ૧૬–૯–૦૮

અરજદારઃ શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોશી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( રાંદેર ઝોન)

## હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોશીની તા.૩૧–૭–૦૮ ની અરજીથી પશ્ચિમઝોનમાં કયા કયા રિઝર્વેશન પ્લોટ,ડ્રાફટ,ફાઈનલ,પ્રીલીમનરી કે ટેન્ટેટીવ,ટી.પી. રસ્તા અને રસ્તાની ફુટપાથ પર ગેરકાયદેસર દબાણ અને બાંધકામ છે તે માટે પશ્ચિમ ઝોનના અધિકારીઓ મારફતે કે કચેરી મારફતે કેટલું વળતર લેવામાં આવેલું તેની માહિતી સ્થળ તપાસ કરીને આપવા વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પૂરી પાડવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૮/૨૦૦૮–૦૯

શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોશીની તા.૩૧–૭–૦૮ ની અરજીથી પશ્ચિમઝોનમાં કયા કયા રિઝર્વેશન પ્લોટ,ડ્રાફટ,ફાઈનલ,પ્રીલીમનરી કે ટેન્ટેટીવ,ટી.પી. રસ્તા અને રસ્તાની ફુટપાથ પર ગેરકાયદેસર દબાણ અને બાંધકામ છે તે માટે પશ્ચિમ ઝોનના અધિકારીઓ મારફતે કે કચેરી મારફતે કેટલું વળતર લેવામાં આવેલું તેની માહિતી સ્થળ તપાસ કરીને આપવા વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પૂરી પાડવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.આરટીઆઈ/આ.નં.૧૦૨ તા.૨૯–૮–૦૮ થી આપેલ માહિતી સાચા ને પુરતા જવાબ ન મળવાથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૩ તા.૨૨–૯–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં અવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિારી તરફથી આરટીઆઈ આ.નં.૮૩ તા.૮–૮–૦૮ થી મુદ્દા નં.૫ ની અંશતઃ માહિતી અંગે અરજી શહેર વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. તેની નકલ રજુ કરેલ છે. પરંતુ અરજદારને આપેલ માહિતી મુજબ મુદ્દા નં.૮ અંગે ટાઉન પ્લાનીં ગ ખાતાને તબદીલ કર્યાના કોઈ આધાર જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરેલ નથી.

સદર બાબતે તા. ૩૦–૯–૦૮ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી પશ્ચિમ ઝોન આરટીઆઈ૧૧૦૨ તા.૨૯–૮–૦૮ થી આપેલી માહિતી સંદર્ભે રજુઆત કરેલ છે કે જેમાં મુદ્દા નં.૧ માહિતીમાં ઈન્સ્પેકશન લખેલ પણ ઈન્સ્પેકશન આપવાની ના પાડે છે. મુદ્દા નં.૨ અને ૩ આપેલી માહિતી સ્પષ્ટ નથી મુદ્દા નં.૪ માં ટીપીના અમલ કરતાં રસ્તાઓ સોંપેલ છે તે બાબતે સ્પષ્ટતા કરવી. મુદ્દા નં.૫ અંગે રાંદેર ઝોનના શહેર વિકાસ તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૧ ગેરકાયદેસર બાંધકમો દુર કરવામાં આવેલ છે અને શહેર વિકાસ મધ્યસ્થના પત્ર નં.ટીડીઓ/૨૨૭૧ તા. ૨૭–૮–૦૮ થી શહેર વિકાસ મધ્યસ્થ ખાતા મારફતે છેલ્લા ત્રણ વર્ષમાં પશ્ચિમ ઝોન વિસ્તારના કુલ ૧૯ ગેરકાયદેસર બાંધકામો તોડવામાં આવેલ છે. જે બાબતેની વિસંગતતા અંગે સ્પષ્ટ માહિતી પૂરી પાડવી. મુદ્દા નં.૬ માં માંગેલી માહિતીમાં માલિકી બાબતે સ્પષ્ટ પણે જણાવવું. મુદ્દા નં.૭ માં માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ છે જયારે બીજા દસ્તાવેજની નકલ આપવામાં અવેલ છે. મુદ્દા નં.૮ની માહિતી અંગે ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ કરેલ છે. મુદ્દા નં.૯ ઉલ્લેખ થયેલ બંને રસ્તાઓ બાબતે આપેલ માહિતી જેમાં ટાઉન પ્લાનીંગ એકટ ની કલમ–૪૮ નો ઉલ્લેખ કરેલ છે. તેમાં વિસંગતતા જણાય છે તે બાબતે સ્પષ્ટતા કરવી. મુદ્દા નં.૧૦ માં રસ્તાની મંજુરી વિગતો અરજદારને ઈચ્છા હોય તો અલગ માંગી શકે છે. મુદ્દા નં.૧૧ માં અસ્પષ્ટ જવાબ આપેલ છે તે સ્પષ્ટ રીતે આપવો તેવી રજૂઆત કરેલ. જાહેર માહિતી અધિકારી વતી મ. જાહેર માહિતી અધિકારી હાજર રહેલ અને જણાવેલ સ્પષ્ટતાઓ કરવામાં આવશે તેવું જણાવેલ.અરજદારની અપીલ અરજીમાં કરેલ રજૂઆત મુળ અરજી સાથે સુસંગત જણાતી નથી. તેમજ કાયદાની જોગવાઈ સાથે તર્કસંગત પણ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩૧–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મળેલી માહિતી બાબતે અરજદારે વધુ સ્પષ્ટતાઓ અંગે રજુઆતો કરવામાં આવેલ. જે મુજબ મ.જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવા જણાવેલ છે. તેમજ મુદ્દા નં.૫ ની પૂરી પાડેલી માહિતી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ કક્ષાએથી તેઓના કાર્યક્ષેત્રને સ્પર્શતી પૂરી પાડયાનો માહિતીમાં ઉલ્લેખ છે જ જેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે મુદ્દા નં.૮ ની નહીં પૂરી પડાયેલ માહિતી લાગત કક્ષાએથી મેળવીને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા તેમજ અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ આગોતરો સમય મેળવી અરજદાર ધ્વારા મેળવ્યેથી ઈન્સ્પેકશન પુરું પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન.......... જાણ તથા અમલ માટે.
(૨) શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોષી,